પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૨૫૨ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૮-૦૬-૨૦૨૪ મંગળવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# બંગાળ-બિહાર સરહદ નજીક રેલ અકસ્માત: કાંચનજંગા એક્સપ્રેસ પાછળથી માલસામાન ટ્રેન સાથે અથડાતા ૧૫ લોકોના મોત

## ટ્રેન દુર્ઘટનામાં માર્યા ગયેલા લોકોના પરિવારજનોને ૨ લાખઅને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત.

કોલકતા

બિહાર-બંગાળ બોર્ડર પાસે સિયાલદહ જઈ રહેલી કંચનજંગા એક્સપ્રેસ (૧૩૧૭૪)ને માલગાડીએ પાછળથી ટક્કર મારી હતી. આ અકસ્માતમાં કાંજનજંગા એક્સપ્રેસના ત્રણ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. અકસ્માત બાદ અફરાતફરી મચી ગઈ હતી. જણાવવામાં આવી રહ્યું છે કે રંગા પાણી અને નિજબારી પાસે થયેલા અકસ્માતમાં ત્રણ બોગીને ખરાબ રીતે નુકસાન થયું છે આ અકસ્માતમાં ૧૫ લોકોના મોત થયા હોવાનું સામે આવી રહ્યું છે. અધિક પોલીસ અધિક્ષક અભિષેક રોયે કહ્યું કે કાંચનજંગા એક્સપ્રેસને માલગાડીએ પાછળથી ટક્કર મારી હતી. આ ઘટનામાં ૧૫ લોકોના મોત થયા છે. જ્યારે ૩૦ લોકો ઘાયલ થયા છે. તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

સ્થાનિક લોકોનું કહેવું છે કે મોટી દુર્ઘટના થઈ છે. નિજબારીથી થોડે દૂર ટ્રેન ઊભી હતી. અચાનક પાછળથી એક માલગાડીએ ટક્કર મારી. અકસ્માત એટલો ભયંકર હતો કે બે બોગી એક બીજા પર ચડી ગઈ હતી. માલગાડીનો એક ડબ્બો હવામાં ઉછળી ગયો.મુસાફરોનું કહેવું છે કે અમે ટ્રેનમાં બેસીને વાત કરી રહ્યા હતા. અચાનક પાછળથી જોરદાર ફટકો પડ્યો. કંઈ સમજાય તે પહેલા ટ્રેનમાં નાસભાગ જેવી સ્થિતિ સર્જાઈ હતી. મુસાફરોની ચીસોનો અવાજ આવ્યો. આ પછી જ્યારે અમે બહાર આવ્યા અને જોયું તો ટ્રેનની ત્રણ બોગી ક્ષતિગ્રસ્ત થઈ



ગઈ હતી. દુર્ઘટના બાદ રેલવેની કામગીરી ઠપ થઈ ગઈ છે. અહીં, રેલવે દ્વારા એક હેલ્પલાઈન નંબર જારી કરવામાં આવ્યો છે. ટ્રેન દુર્ઘટના પર રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે દુર્ઘટનાના પીડિતોને આપવામાં આવતી એક્સ-ગ્રેશિયાની રકમમાં વધારો કરવામાં આવ્યો છે. જેમાં મૃતકના પરિજનોને ૧૦-૧૦ લાખ રૂપિયા, ગંભીર રીતે ઘાયલોને ૨.૫-૨.૫ લાખ રૂપિયા અને નાની ઈજાગ્રસ્તોને ૫૦-૫૦ હજાર રૂપિયાની સહાય આપવામાં આવશે. રેલ્વે બોર્ડના ચેરપર્સન અને સીઈઓ જયા વર્મા સિન્હાએ કહ્યું કે બચાવ કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. આ અકસ્માતમાં સિગ્નલની અવગણના કરનાર ગુડ્સ ટ્રેનના ડ્રાઈવર અને આસિસ્ટન્ટ ડ્રાઈવરની સાથે કંચનજંગા એક્સપ્રેસ ટ્રેનના ગાર્ડનું પણ મોત થયું હતું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી છે કે પશ્ચિમ બંગાળમાં ટ્રેન દુર્ઘટનામાં માર્યા ગયેલા પ્રત્યેક વ્યક્તિના પરિવારને વડા પ્રધાન રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી પ્રત્યેકને ૨ લાખ રૂપિયાની એક્સ-ગ્રેશિયા રકમ આપવામાં આવશે. જયારે ઘાયલોને ૫૦-૫૦ હજાર રૂપિયા આપવામાં આવશે. દુર્ઘટના પર શોક વ્યક્ત કરતા રક્ષા મંત્રી રાજનાથ સિંહે લખ્યું- પશ્ચિમ બંગાળના ન્યૂ જલપાઈગુડી પાસે ટ્રેન દુર્ઘટનાથી હું દુખી છું. દુઃખની આ ઘડીમાં મારા વિચારો શોકગ્રસ્ત પરિવારો સાથે છે. હું ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની પ્રાર્થના કરું છું.

મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું હતું કે પશ્ચિમ બંગાળના ન્યૂ જલપાઈગુડીમાં જે ટ્રેન દુર્ઘટના થઈ તે ખૂબ જ દુઃખદ છે. આ દુર્ભાગ્યપૂર્ણ દુર્ઘટનામાં જેમણે પોતાના પરિવારના સભ્યોને ગુમાવ્યા છે તેમના પ્રત્યે હું મારી સંવેદના વ્યક્ત કરું છું અને ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરું છું.

પીએમ મોદીએ ટ્રેન દુર્ઘટના પર દુખ વ્યક્ત કર્યું અને સોશિયલ મીડિયા પર લખ્યું- પશ્ચિમ બંગાળમાં ટ્રેન દુર્ઘટના દુઃખદ છે. જેમણે તેમના પ્રિયજનોને ગુમાવ્યા છે તેમના પ્રત્યે સંવેદના. હું પ્રાર્થના કરું છું કે ઘાયલ લોકો જલ્દી સ્વસ્થ થઈ જાય. તેમણે અધિકારીઓ સાથે વાત કરી પરિસ્થિતિનો તાગ મેળવ્યો. રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ પણ અકસ્માત સ્થળ પર જઈ રહ્યા છે. ઉપાધ્યક્ષ જગદીપ ધનખરે આ દુર્ઘટના પર દુખ વ્યક્ત કર્યું અને લખ્યું કે પશ્ચિમ બંગાળના દાર્જિલિંગમાં ટ્રેન દુર્ઘટનામાં લોકોએ જીવ ગુમાવ્યા તે ખરેખર દુઃખદ છે. હું શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે હૃદયપૂર્વક સંવેદના વ્યક્ત કરું છું, અને ઘાયલોની ઝડપથી સ્વસ્થ થવાની પ્રાર્થના કરું છું.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પણ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. રાષ્ટ્રપતિ ભવનના સોશિયલ મીડિયા પર પોસ્ટમાં લખ્યું હતું મારા વિચારો અને પ્રાર્થના શોકગ્રસ્ત પરિવારો સાથે છે. હું ઘાયલોની ઝડપથી સ્વસ્થ થવાની અને રાહત અને બચાવ કામગીરીમાં સફળતાની કામના કરું છું. બિહારના આરજેડી નેતા ભાઈ વીરેન્દ્રએ ઘટના માટે કેન્દ્ર સરકારને જવાબદાર ગણાવી હતી. તેમણે કહ્યું, "જે દેશમાં રેલ્વેનું ખાનગીકરણ કરવામાં આવ્યું છે, ત્યાં અકસ્માતો થવાનું જ છે. અગાઉ કોંગ્રેસ અને યુપીએ સરકારના સમયમાં જ્યારે પણ અકસ્માતો થતા હતા ત્યારે મંત્રીઓ પોતે રાજીનામું આપતા હતા. હવે આવી ઘટનાઓ પછી મંત્રીઓ રાજીનામું આપતા નથી." આ સરકાર પાસેથી આશા છે, જે આ ઘટનાઓ માટે જવાબદાર છે.ત્રિપુરાના મંત્રી સુશાંત ચૌધરીએ જણાવ્યું હતું કે, "સિયાલદહ જતી કંચનજંગા એક્સપ્રેસ આજે સવારે ૮:૫૦ વાગ્યે દુર્ઘટનાગ્રસ્ત થઈ છે. કેટલાક લોકોને ગંભીર ઈજાઓ થઈ છે. ભારત સરકાર, પીએમ રેલ્વે મંત્રી અને અમારા મુખ્યમંત્રી પણ પરિસ્થિતિની સમીક્ષા કરી રહ્યા છે.

# નીટમાં બે જગ્યાએ થઈ ગડબડ, જે પણ આમાં સામેલ હશે તેને બક્ષવામાં નહીં આવે : શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન

નવીદિલ્હી,

નીટ પરીક્ષાના પરિણામને લઈને દેશમાં વિદ્યાર્થીઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. તમામ રાજ્યોમાં જોરદાર વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. વિદ્યાર્થીઓ તેમજ તેમના વાલીઓમાં રોષ જોવા મળી રહ્યો છે.નીટના પેપરમાં હેરાફેરી અને પેપર લીક થવાના આક્ષેપો થઈ રહ્યા છે. ઘણા રાજ્યોમાં મામલો કોર્ટમાં પહોંચ્યો છે, જ્યારે સુપ્રીમ કોર્ટમાં પણ અરજીઓ દાખલ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ સતત ફરીથી પરીક્ષાની માગ કરી રહ્યા છે.

આ દરમિયાન કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને મળ્યા હતા. આ પછી તેમનું નિવેદન સામે આવ્યું છે. જેમાં તેણે સ્વીકાર્યું છે કે દ્રઈઈ પરીક્ષાના પરિણામોમાં કેટલીક ગેરરીતિઓ થઈ છે. તેમણે કહ્યું કે આમાં જે પણ અધિકારી સંડોવાયેલા જણાશે તેને કોઈપણ કિંમતે બક્ષવામાં આવશે નહીં અને તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

શિક્ષણ મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, બે જગ્યાએ કેટલીક ગેરરીતિઓ પ્રકાશમાં આવી છે. આવી સ્થિતિમાં તેઓ વિદ્યાર્થીઓ અને વાલીઓને ખાતરી આપે છે કે સરકારે આ બાબતને ગંભીરતાથી લીધી છે. તેમણે કહ્યું કે જો એનટીએના સિનિયર અધિકારીઓ દોષી સાબિત થશે તો પણ તેમને બક્ષવામાં આવશે નહીં અને ગુનેગારોને સખતમાં સખત સજા આપવામાં આવશે.આ સાથે તેમણે એમ પણ કહ્યું કે, દ્રછમાં ઘણા સુધારાની જરૂર છે. કેટલાક વિદ્યાર્થીઓને ઓછો સમય મળ્યો હોવાથી તેમને ગ્રેસ માર્કસ આપવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટની ભલામણ પર ૧,૫૬૩ ઉમેદવારોની પુનઃપરીક્ષાનો આદેશ આપવામાં આવ્યો છે.આ સાથે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને વિદ્યાર્થીઓને ન્યાય આપવાનું આશ્વાસન આપ્યું છે. તેમનું કહેવું છે કે કોઈપણ બાળક સાથે અન્યાય થશે નહીં અને તેમના ભવિષ્ય સાથે રમત રમાશે નહીં. તેમણે સ્પષ્ટ કહ્યું કે, કોઈપણ કિંમતે ગેરરીતિ સહન કરવામાં આવશે નહીં.

બિહારના પટના-નાલંદા અને ગુજરાતના ગોધરામાં નીટ પેપર લીકની શંકામાં ઘણા લોકોની ધરપકડ કરવામાં આવી છે. કહેવામાં આવી રહ્યું છે કે બિહારમાં પકડાયેલા ઘણા આરોપીઓએ પૂછપરછ દરમિયાન પેપર લીક અને એજન્સીના અધિકારીઓ સાથે સાંઠગાંઠનો સ્વીકાર કર્યો છે. હવે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને પણ કબૂલ્યું છે કે પરીક્ષામાં ગેરરીતિઓ થઈ હતી.

# ઝારખંડમાં ખેડૂતોની ૨ લાખ રૂપિયા સુધીની લોન માફ કરવામાં આવશે, મુખ્યમંત્રીએ કરી મોટી જાહેરાત




રાંચી,

ઝારખંડના ખેડૂતો માટે મોટા સમાચાર છે. રાજ્યના મુખ્યમંત્રી ચંપાઈ સોરેને મોટી જાહેરાત કરી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે તેમની ગઠબંધન સરકાર ખેડૂતો માટે રૂ. ૨ લાખ સુધીની કૃષિ લોન માફ કરશે અને મફત વીજળીનો ક્વોટા વધારીને ૨૦૦ યુનિટ કરશે. આ માટે તેમણે બેંકોને દરખાસ્તો રજૂ કરવા કહ્યું છે.

વિકાસ પ્રોજેક્ટના ઉદ્દઘાટન અને શિલાન્યાસ માટે જમશેદપુરના ગાંધી મેદાનમાં આયોજિત સભાને સંબોધતા, સોરેને કહ્યું, "અમે પહેલાથી જ ખેડૂતોની ૪૦,૦૦૦ રૂપિયાની લોન માફ કરી દીધી છે અને તેને વધારીને ૨ લાખ રૂપિયા કરવાની યોજના બનાવી રહ્યા છીએ. તેવી જ રીતે, મફત વીજળીના ૧૨૫ યુનિટનો હાલનો આધાર વધારીને ૨૦૦ યુનિટ કરવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું કે ૩૧ માર્ચ, ૨૦૨૦ સુધી ખેડૂતોની રૂ. ૫૦ હજારથી રૂ. ૨ લાખ સુધીની લોન વન ટાઈમ સેટલમેન્ટ દ્વારા માફ કરવામાં આવશે.

સોરેને ટકાઉ આજીવિકા માટે વ્યવસાય શરૂ કરવા માટે બેરોજગાર યુવાનોને ૪૦ ટકા સબસિડી સાથે રૂ. ૨૫ લાખની લોન આપવાની સરકારની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. તેમણે લોકોને જણાવ્યું હતું કે ૪૦,૦૦૦ મદદનીશ શિક્ષકોની ભરતી પ્રક્રિયા ચાલી રહી છે અને સપ્ટેમ્બર સુધીમાં પૂર્ણ થઈ જશે, તેમણે ઉમેર્યું હતું કે આદિજાતિ અને પ્રાદેશિક ભાષાના શિક્ષકોની ભરતી આવતા મહિને શરૂ થશે.તેમણે વર્તમાન ગઠબંધન સરકારની નીતિઓને અગાઉની ભાજપ સરકારની નીતિઓ સાથે સરખાવી હતી અને આક્ષેપ કર્યો હતો કે ૫,૦૦૦ પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી છે, જ્યારે ગઠબંધન સરકાર દ્વારા રાજ્યભરમાં સ્થાપિત મોડેલ શાળાઓને પ્રકાશિત કરવામાં આવી છે.

# નાગપુરમાં ભયાનક માર્ગ અકસ્માત, સેનાના ૨ જવાનોના મોત અને ૬ ઘાયલ



મુંબઈ,

મહારાષ્ટ્રના નાગપુરથી હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. અહીં એક ભયાનક માર્ગ અકસ્માતમાં ભારતીય સેનાના બે જવાનોના દુઃખદ મોત થયા છે, જ્યારે છ સૈનિકો સહિત સાત લોકો ઘાયલ થયા છે. ઘટનાની માહિતી મળતાં જ પોલીસ-પ્રશાસનની ટીમ ઘટનાસ્થળે પહોંચી અને ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કર્યા. જ્યારે મૃતદેહોનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો હતો. ઘાયલોમાં ઘણાની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. ખાનગી બસ અને ઓટો રીક્ષા વચ્ચે અથડાવાને કારણે આ અકસ્માત સર્જાયો હતો.

માહિતી આપતા પોલીસે જણાવ્યું કે નાગપુરના કન્હાન નદીના પુલ પર એક હાઈ-સ્પીડ ખાનગી બસ અને ઓટો-રિક્ષા વચ્ચેની અથડામણમાં ભારતીય સેનાના બે સૈનિકો માર્યા ગયા અને ૬ સૈનિકો અને એક ઓટો ડ્રાઈવર ઘાયલ થયા. નાગપુર પોલીસે જણાવ્યું કે કામઠીમાં ગાર્ડ્સ રેજિમેન્ટના ૮ જવાનો ઓટો રિક્ષામાં મુસાફરી કરી રહ્યા હતા. ત્યારે સામેથી પુરપાટ ઝડપે આવી રહેલી ખાનગી બસે રિક્ષાને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે ઓટો રિક્ષાના ટુકડા થઈ ગયા હતા. હાલ પોલીસ આ મામલે તપાસ કરી રહી છે.

અકસ્માતમાં ઘાયલ સૈનિકોને કામથી મિલિટરી ટ્રેનિંગ સેન્ટર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, ત્યારબાદ તેમને નાગપુર શહેરની મેયો હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. ઘાયલોમાંથી ત્રણની હાલત ગંભીર છે, જેમને નાગપુર મેડિકલ હોસ્પિટલના ટ્રોમા કેસ સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યા છે. તબીબોનું કહેવું છે કે ત્રણેય જવાનોને માથામાં ગંભીર ઈજા થઈ છે.

# ભાજપના કાર્યાલય પાસે બોમ્બ જેવી વસ્તુ મળતા ખળભળાટ, પોલીસ તપાસ કરશે



કોલકતા,

પશ્ચિમ બંગાળના કોલકાતામાં ગઈકાલે રાત્રે ભાજપ કાર્યાલયમાંથી બોમ્બ જેવી વસ્તુ મળી આવતા ખળભળાટ મચી ગયો હતો. જોકે, તપાસ બાદ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડે માહિતી આપી હતી કે શંકાસ્પદ વસ્તુ બોમ્બ નથી. બોમ્બ હોવાની માહિતી મળ્યા બાદ કોલકાતા પોલીસની બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને ડોગ સ્કવોડ અહીં પહોંચી હતી. પોલીસના જણાવ્યા અનુસાર ષડયંત્રના ભાગરૂપે બોમ્બ જેવી વસ્તુને દોરડામાં લપેટીને રસ્તાની વચ્ચે મૂકી દેવામાં આવી હતી અને તેને બોમ્બ જાહેર કરવામાં આવ્યો હતો. ઘટના બાદ પોલીસ તપાસ કરી રહી છે. સ્થાનિક પોલીસ સીસીટીવી ફૂટેજ પણ ચકાસી રહી છે.પોલીસનું કહેવું છે કે આ અફવા પાછળનું કારણ પશ્ચિમ બંગાળમાં ચૂંટણી દરમિયાન થયેલી હિંસાની તપાસ માટે રચાયેલી ટીમને ડરાવવાનું હતું. ઉલ્લેખનીય છે કે ભાજપે લોકસભા ચૂંટણી દરમિયાન બનેલી હિંસક ઘટનાઓની તપાસ માટે ચાર સભ્યોની એક સમિતિની રચના કરી છે. આ સમિતિમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદ, ત્રિપુરાના પૂર્વ સીએમ બિપ્લબ કુમાર દેબ, બ્રિજલાલ અને કવિતા પાટીદારનો સમાવેશ થાય છે.રવિશંકર પ્રસાદે પત્રકારો સાથે વાત કરતાં કહ્યું હતું કે, આખા દેશમાં ચૂંટણી યોજાઈ હતી, પરંતુ હિંસાના સમાચાર પશ્ચિમ બંગાળમાંથી જ આવ્યા હતા. તેમણે કહ્યું કે, આખા દેશમાં ચૂંટણી થાય છે, પરંતુ ચૂંટણી પછી માત્ર બંગાળમાં જ હિંસા કેમ થાય છે? ગ્રામ પંચાયતની ચૂંટણી અને વિધાનસભાની ચૂંટણી વખતે પણ અહીં હિંસા થઈ હતી. આજે ફરી હિંસાના અહેવાલો સામે આવ્યા છે. તેમણે વધુમાં કહ્યું કે, શું કારણ છે કે અમારા કાર્યકરો ડરે છે, લોકો ડરે છે, આ બહુ ગંભીર મુદ્દો છે. જો મમતા બેનર્જી લોકશાહીમાં વિશ્વાસ રાખે છે તો તેમણે જવાબ આપવો પડશે.

# ધ્રાંગધ્રા પાસેની નર્મદા કેનાલ ચોમાસાટાણે તોડીરિપેર શરૂ કરાતાં ખેડૂતોમાં રોષ

સુરેન્દ્રનગર,

ધ્રાંગધ્રા તાલુકાના હામપુર ગામ પાસેની પસાર થતી નર્મદા કેનાલ ચોમાસા ટાણે તોડી રીપેરીંગ કામ શરૂ કરાતા વાવેતરમાં નુકશાન થવાની ભીતિ સેવાતા ખેડૂતોએ સમયસર કેનાલ રીપેરીંગ શરૂ ન કરાતા રોષ વ્યકત કર્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર નર્મદા કેનાલ અનેક ખેતરોમાં લીકેજ થવાની ફરિયાદો ઉઠી હતી એમ છતાય તંત્ર દ્વારા સમયસર રીપેરીંગ ન કરતા હોવાની ધ્રાંગધ્રાના ધારાસભ્યને અગાઉ રજૂઆત કરાઈ હતી. એમ છતાય કેનાલને પાણી બંધ થયાને પંદર દિવસ કરતા પણ વધારે સમય વીતિ જવા છતાય રીપેરીંગ કામ શરૂ ન કરી વરસાદ આવવાની શરૂઆત થતા સમયે હામપુર પાસેથી પસાર થતી ડીસ્ટ્રી-૪ નર્મદા કેનાલમાં હાલ રીપેરીંગ શરૂ કરી દીધુ છે. હામપુર ગામના ખેડૂત મનીષભાઈ પટેલે જણાવેલ કે ધારાસભ્ય પ્રકાશભાઈને સમયસર કેનાલ રીપેર કરવાની અગાઉ રજૂઆત કરી હતી છતાય પાણી બંધ થયુ તુરંત રીપેર કરવાના બદલે વરસાદ આવવાના સમયે ખેડૂતોએ કપાસનું વાવેતર શરૂ કરી દીધુ ત્યારે અને અમુક જગ્યાએ કેનાલ સારી હોવા છતાય તોડી નાખી આવા સમયે રીપેરીંગ શરૂ કર્યુ છે. પંદર દિવસ પહેલા પાણી બંધ થયુ છતાય રીપેરીંગ ચાલુ ન કરી હાલ ખેડૂતોને પણ મુસ્કેલી પડી રહી છે અને વરસાદ આવવાનો સમય હોવાથી કેનાલનું કામ પણ બગડી શકે છે. આ બાબતે રીપેરીંગમા કેમ મોડુ થયુ એ નર્મદા વિભાગ દ્વારા તપાસ કરાવી જવાબદારો સામે કાર્યવાહીની માંગ કરી છે. આ ઉપરાંત સ્થાનિક ખેડૂતોના વધુમાં જણાવ્યા મુજબ કેનાલમાં પાણી બંધ થયાને પંદર દિવસથી પણ વધારે સમય વીતિ જવા છતાય રીપેરીંગ શરૂ નહી કરી હાલ વરસાદ શરૂ થઈ રહયો છે, ખેડૂતોએ કપાસ સહિતના પાકનું વાવેતર પણ કરી દીધુ છે. એવા ટાણે કેનાલનું રીપેરીંગ શરૂ કરતા ખેડૂતોએ રોષ વ્યકત કર્યો છે.

# છુટોદોર આપ્યા બાદ કાશ્મીરમાં સુરક્ષા એજન્સીઓએ બાંદીપોરામાં એક આતંકીને ઠાર કર્યો

જમ્મુ,

જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓએ જમ્મુ ક્ષેત્રમાં વર્તાવેલા ત્રાસને પગલે, કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે, ગઈકાલ રવિવારે તમામ મહત્વની સુરક્ષા એજન્સીઓની ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી. આ બેઠકમાં જમ્મુ કાશ્મીરમાંથી ત્રાસવારનો સંપૂર્ણ સફાયો કરવા માટે વિવિધ સુરક્ષા એજન્સીઓને છુટોદોર આપ્યો છે.

આ બેઠક પૂર્ણ થયાના ગણતરી કલાકોમાં જ સુરક્ષાદળ અને જમ્મુ કાશ્મીર પોલીસે, બાંદીપોરામાં એક આતંકવાદીને ઠાર માર્યો છે. જયારે બે ત્રાસવાદીઓને ઘેરામાં ફસાવી રાખ્યાં છે. કાશ્મીરથી આવી રહેલા અન્ય એક સમાચારમાં, પોલીસે એક આતંકવાદીને જીવતો પકડ્યો છે. જે હંદવાડાના કાકહી ગામનો હોવાનુ સામે આવ્યું છે.



ઉત્તાર કાશ્મીરના બાંદીપોરા જિલ્લામાં ગઈકાલ રવિવારે મધરાતથી આતંકવાદીઓ સાથે અથડામણ શરુ થઈ હતી. હજુ પણ બેથી ત્રણ આતંકવાદીઓ અરગામમમાં સંતાયા હોવાની આશંકા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ આતંકીઓમાંથી એક આતંકવાદી એક્રાઉન્ટર દરમિયાન માર્યો ગયો હતો. જો કે આ ઘટના અંગે સત્તાવાર પુષ્ટિ હજુ બાકી છે.જમ્મુ કાશ્મીર પોલીસના જણાવ્યા અનુસાર, બાંદીપોરા જિલ્લાના અરગામમમાં આતંકવાદીઓ હોવાની માહિતી પર, ૩ પેરા મિલેટરી ફોર્સ, ૧૩ રાષ્ટ્રીય રાઈફલ્સ અને બાંદીપોરા પોલીસના જવાનોએ અરગામને ઘેરી લીધું લઈને ગામમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું.

ઘેરાબંધી વધુ કડક થતી જોઈને છુપાયેલા આતંકવાદીઓએ ફાયરિંગ શરૂ કરી દીધું હતું. જવાબી કાર્યવાહીના કારણે એક્રાઉન્ટર શરૂ થયું હતું. સુરક્ષા દળોના વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આખા વિસ્તારને સંપૂર્ણપણે કોર્ડન કરી લેવામાં આવ્યો છે, જેથી સંતાયેલા આતંકવાદીઓ ભાગી ન શકે.દરમિયાન કાશ્મીરના હંદવાડામાંથી સામે આવેલા એક સમાચાર અનુસાર, પોલીસે એક સશસ્ત્ર આતંકવાદીને જીવતો પકડ્યો છે. જે હંદવાડાના કાકહી ગામનો હોવાનુ સામે આવ્યું છે. આ ત્રાસવાદી, પાકિસ્તાન સ્થિત તેના હેન્ડલર સાથે સતત સંપર્કમાં રહ્યો હતો. જે પાકિસ્તાન સ્થિત તેના હેન્ડલર સાથે સતત સંપર્કમાં રહ્યો હતો.

બાંદીપોરાના અરગામમમાં આતંકવાદીઓ હોવાની માહિતી પર, ૩ પેરા મિલેટરી ફોર્સ, ૧૩ રાષ્ટ્રીય રાઈફલ્સ અને બાંદીપોરા પોલીસના જવાનોએ અરગામને ઘેરી લીધું લઈને ગામમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. આ દરમિયાન અરગામમમાં છુપાયેલા આતંકવાદીઓ તરફથી સુરક્ષા દળના જવાનો ઉપર ગોળીબાર શરૂ થયો હતો.

# પૈસા માટે ૧૨ વર્ષની દીકરીના ૭૨ વર્ષના વૃદ્ધ સાથે સગા માં-બાપ નિકાહ કરાવવા નિકળ્યા

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનમાં અવારનવાર મહિલાઓના શોષણના સમાચારો સામે આવે છે. હવે વધુ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં એક પિતા પોતાની ૧૨ વર્ષની દીકરીના લગ્ન ૭૨ વર્ષના વૃદ્ધ સાથે કરાવવા જઈ રહ્યા હતા. રિપોર્ટ અનુસાર પિતાનું નામ આલમ સૈયદ જણાવવામાં આવ્યું છે. તે તેની માસૂમ દીકરીના લગ્ન ૭૨ વર્ષના હબીબ ખાન સાથે પાંચ લાખમાં કરાવવા જઈ રહ્યો હતો.

જયારે પોલીસને આ બાબતની જાણ થઈ, ત્યારે વૃદ્ધ વરરાજા અને નિકાહ ખાવનની ધરપકડ કરવામાં આવી. માસુમ બાળકીનો પિતા ઘટનાસ્થળેથી નાસી ગયો હતો.પાકિસ્તાનની ન્યૂઝ ચેનલ અનુસાર, બાળકીના પિતા વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. પાકિસ્તાનમાં આવી ઘટનાઓ સામાન્ય બની ગઈ છે. પાકિસ્તાનના પંજાબના રાજનપુર થટ્ટા નામના ગામમાં આવી જ એક ઘટના પ્રકાશમાં આવી છે. અહીં એક પિતા પોતાની ૧૧ વર્ષની દીકરીના લગ્ન ૪૦ વર્ષના વ્યક્તિ સાથે કરાવી રહ્યા હતા. એક કિસ્સામાં, એક પિતા તેની સગીર પુત્રીના લગ્ન ૫૦ વર્ષના મકાનમાલિક સાથે કરાવવા જઈ રહ્યો હતો. ૬ મેના રોજ, પાકિસ્તાની પોલીસે ૧૩ વર્ષની છોકરી સાથે લગ્ન કરનાર ૭૦ વર્ષના વૃદ્ધની ધરપકડ કરી હતી. મળતી માહિતી મુજબ, આ કેસમાં યુવતીને મેડિકલ ટેસ્ટ માટે હોસ્પિટલમાં મોકલવામાં આવી હતી. પોલીસનું કહેવું છે કે આરોપી પિતાની શોધ ચાલી રહી છે. પહેલા પાકિસ્તાનમાં છોકરીઓના લગ્ન માટે ન્યૂનતમ ઉંમર ૧૬ વર્ષ હતી, જે હવે વધારીને ૧૮ વર્ષ કરી દેવામાં આવી છે.

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીઆદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર
પંચમહાલ સમાચાર

# મહીસાગર કલેકટરના અધ્યક્ષ સ્થાને તેજસ્વી છાત્રોનો સન્માન સમારોહ યોજાયો

મલેકપુર,
રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક રામજીભાઈ વણકર(હાલ નિવૃત્ત)ના પરખ ફાઉન્ડેશન દ્વારા છેલ્લા ૪૦ વર્ષથી અનુસૂચિત જાતિના ધોરણ -૧૦-૧૨ ના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાય છે. આ અભિયાનને અવિરત રાખતા આજરોજ લુણાવાડા મોટા સોનેલા બાબા આંબેડકરભવન ખાતે જીલ્લા કલેકટર નેહાકુમારીના અધ્યક્ષસ્થાને અનુસૂચિત જાતિના ધોરણ દસ અને બારના પ્રતિભાશાળી ૯૫ તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન સમારોહ યોજાયો હતો. ઉપસ્થિત મહાનુભાવોએ ડો. બાબા આંબેડકર ની પ્રતિમાને ફુલહાર પહેરાવી, દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો.



આ કાર્યક્રમમાં જીલ્લા કલેકટર નેહાકુમારી અને પ્રાંત અધિકારી પાટીલ આનંદ આકાશે વિદ્યાર્થીઓએ પ્રેરક પ્રસંગોથી પ્રોત્સાહિત કરી છેલ્લાં ચાલીસ વર્ષ થી અવિરત ચાલતી સન્માનની પ્રવૃતિને બિરદાવી હતી અને સન્માનિત છાત્રોને પ્રગતિમય ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી. જેમાં તમામ મહાનુભાવો દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને એવોર્ડ્સ તેમજ શૈક્ષણિક કીટ આપીને સન્માન કરવામાં આવ્યું સાથે સાથે તેઓને કારકિર્દી માર્ગદર્શન આપવામાં આવ્યું

આ કાર્યક્રમમાં અનુસૂચિત કલ્યાણના નાયબ નિયામક કે.વી.ખાંટ, જીલ્લા આર.સી.એચ. અધિકારી ડો. કે. કે.પરમાર, ડો.વિરલ કે. અમીન સહિત અગ્રણીઓ વાલીઓએ સન્માનિત છાત્રોને અભિનંદન પાઠવ્યા હતા.

અત્રે નોંધનીય છે કે, પરખ ફાઉન્ડેશન લુણાવાડા અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરે છે, જેમાં નિરંતર તેજસ્વી વિદ્યાર્થીઓ ના સન્માન ઉપરાંત સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે નિઃશુલ્ક પુસ્તકાલય કમ વાંચનાલય, રાહતદરે ફુલસ્કેપ ચોપડા વિતરણ, માનવતાની દિવાલ, જરૂરિયાતમંદોને ગરમ ધાબળા વિતરણ, કુદરતી આપત્તિ વ્યવસ્થાપન વખતે ટિફિન સેવા, રાશન કીટ વિતરણ વગેરે સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન મેનેજીંગ ટ્રસ્ટી રામજીભાઈ વણકર, સંસ્થાનો અહેવાલ ટ્રસ્ટી રાજ હિમાંશુએ રજૂ કર્યો હતો અને અંતમાં કલ્પનાબેન પ્રણામીએ આભાર વ્યક્ત કર્યો હતો.

આ સન્માન સમારોહમાં તેજસ્વી વિદ્યાર્થીઓ તેમના વાલીઓ તેમજ બાળકોને પ્રોત્સાહિત કરવા સમાજના વડીલો, યુવાનો ખૂબ જ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# શ્રી સ્વામિનારાયણ મંદિર ડાકોર ખાતે ભગવાન શ્રી સ્વામિનારાયણની અંતઃધ્યાન લીલાની ઉજવણી કરવામાં આવી

ડાકોર,
વડતાલ ધામ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે શ્રી સ્વામિનારાયણ મંદિર ડાકોર( વડતાલ તાબાનું) દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વ- ધામ ગમન લીલા તે દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેઠ સુદ-૧૦ના દિવસે શ્રીજી મહારાજે પૃથ્વી પરથી વિદાય લઈ અને સ્વધામ ગમન કર્યું હતું અને તે દિવસની



ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે વડતાલ ધામ થી પ.પૂ. સ્વામી શ્રી કે.એન. શાસ્ત્રીજી એ સુંદર કથા નું પણ રસપાન કરાવ્યું હતું. આ કાર્યક્રમમાં ડાકોર મંદિરના કોઠારી કેશવજીવન સ્વામી, પાર્ષદ રવીન્દ્ર ભગત વડતાલ થી ભક્તિ સ્વામી પાર્ષદ મિલીન ભગત પણ ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે આ દિવસે વડતાલ ધામ દ્વારા પણ ચરોતરના આસપાસના વિસ્તારમાં વૃદ્ધાશ્રમ, અનાથાશ્રમ વગેરેમાં ભોજન પ્રસાદનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં ૫૦૦ જેટલા હરિભક્તો ભાઈઓ-બહેનો મહાપ્રસાદનો લાભ લઈ ધન્ય બન્યા હતા.

# બાલાસિનોર ગધાવાડા થી કંકુપુરા લાટ વચ્ચે એક વર્ષથી ગરનાળું બનાવતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા



બાલાસીનોર,
બાલાસિનોર તાલુકામાં આવેલા ગધાવાડા થી કંકુપુરા લાટ તરફ આવવાના રસ્તા પર છેલ્લા એક વર્ષથી ગરનાળાનું કામ ચાલુ છે. જે કામ નિયમિત ના થતાં આ રસ્તા પરથી આવતા જતાં લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.પ્રાપ્ત વિગતો અનુસાર બાલાસિનોર તાલુકાના ગધાવાડા,જનોડ, પૃથ્વીરાજપુરા, કંકુપૂરા તરફ આવવાના રસ્તા પર છેલ્લા એક વર્ષ અગાઉથી આ રસ્તા પર આવતા ગરનાળુ નવા બનાવવા માટે કામ ચાલુ કરવામાં આવ્યું હતું પરંતુ પેટા કોન્ટ્રાક્ટર દ્વારા આ કામ ચાલુ કરાતા આ ગરનાળુ બનાવતા એક વર્ષથી વધુ સમય પસાર થઈ ગયો હોવા છતાં આજદિન સુધી આ ગરનાળુ સંપૂર્ણ બન્યું નથી. જેથી કાચા રોડ પર આપેલા ડાયવર્જન પગલે આગામી ચોમાસાની ઋતુમાં પસાર થવું અશક્ય હોવાથી ગ્રામજનોએ વારંવાર તંત્રને પણ જાણ કરી હોવા છતાં તંત્ર જાણે કોન્ટ્રાકટરને છાવરતું હોય તેમ કોન્ટ્રાક્ટર સામે નક્કર પગલા ભરી શકતા નથી. ત્યારે આ બાબતે ગધાવાડાના પ્રવીણભાઈએ જણાવ્યું હતું કે, આ ગરનાળા પગલે આસપાસના ગ્રામજનો ખૂબ પરેશાન થઈ ચૂક્યા છે. ત્યારે કોન્ટ્રાક્ટર પેટા કોન્ટ્રાક્ટ આપી છટકબારી શોધી છે. ત્યારે પેટા કોન્ટ્રાક્ટર મન ફાવે ત્યારે કામ કરે છે અને ચોમાસાની ઋતુ પહેલા કામ પૂર્ણ ના કરવાના પગલે આ માર્ગ પર આપેલા ડાયવર્ઝન પરથી પસાર થવું પણ અશક્ય છે. ત્યારે તંત્ર દ્વારા તાબળતોડ પગલાલય કામ સત્વરે પૂર્ણ કરાવે તેવી લોકમાંગ ઉઠી છે.

# બાલાસિનોરના રાજપુર ગામની ગુમ થયેલ યુવતીને પોલીસે શોધી કાઢી

બાલાસીનોર,
બાલાસિનોર તાલુકાના રાજપુર ગામની હિન્દુ યુવતી જેના લગ્ન ઠાસરા તાલુકાના કાલસર ગામે કરેલા હતા અને રાજપુર ગામનો લઘુમતી સમાજનો યુવક ઉપરોક્ત યુવતીની સાથે જતા રહેલ. જે બાબતે બંને યુવતીના પરિવર્તનો તથા રાજપુર ગ્રામજનોમાં રંગ દિલ્હી અને અસંતોષ ઉભો થયો હતો. બનાવને પગલે પોલીસને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું અને પોલીસે રાજપુર ગામે પોલીસ બંદોબસ્ત પણ ફાળવ્યો હતો. આ તરફ નાયબ પોલીસ અધિક્ષકની સુચનાથી અલગ અલગ ટીમો બનાવવામાં આવી હતી અને ગુમ થયેલ યુવતીની શોધખોળ કરવામાં આવી હતી. દરમ્યાન પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હતા, તે દરમ્યાન ગુમ થનાર યુવક અને યુવતી મળી આવતાં ડાકોર પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવ્યા હતા અને પોલીસ દ્વારા આગળની કાર્યવાહી કરવામાં આવી છે.

# બાલાસિનોરના રાજપુર રોડ ઉપર નીલગીરીઓમાં જુગાર રમતા ૫ શકુની ઝડપાયા

બાલાસિનોર,
બાલાસિનોરના રાજપુર રોડ ઉપર કેટલાક વ્યક્તિઓ હાર જીતનો જુગાર રમતા હોવાની બાતમીને આધારે પોલીસે છાપો માર્યો હતો અને પાંચ વ્યક્તિઓને રોકડ રકમ સાથે ઝડપી લીધા હતા.

બાલાસિનોર નાયબ પોલીસ અધિક્ષક ટી.વી ડોડીયાએ પ્રોહી જુગારની પ્રવૃત્તિ નેસ્ત નાબૂદ કરવા સૂચના આપી હતી. જેના આધારે બાલાસિનોર પોલીસ દ્વારા પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું હતું. તે સમય બાદમે મળી હતી કે રાજપુર રોડ પર આવેલ નીલગીરીઓમાં કેટલાક ઈસમો બેસીને હાર જીતનો જુગાર રમે છે. આ બાતમીને આધારે પોલીસે તેઓ દરોણું પાડ્યો હતો અને જુગાર રમતા બાલાસિનોર ના જુદા જુદા વિસ્તારના પુનમભાઈ વિનુભાઈ રાવળ, રમેશભાઈ લક્ષ્મણભાઈ મહેરા, સમીરભાઈ આબીદભાઈ મિરઝા, મુસ્તકીમ નૂરમહંમદભાઈ કુરેશી અને મહંમદ જહુર મહંમદયુનુસ શેખને ઝડપી લેવામાં આવ્યા હતા. આ ઈસમો પાસેથી દાવ ઉપર મુકેલા ૬,૯૨૦ તેમજ અંગ ઝડતી દરમિયાન મળેલા ૫,૪૦૦ મળી કુલ ૧૨,૩૨૦ રૂપિયાનો મુદ્દા માલ જપ્ત કરાયો હતો અને જુગાર અટકાયતી અધિનિયમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

# ઝાલોદ નગરમાં આજે ઈદુલ અઝહાની મુસ્લિમ બિરાદરોએ નમાજ અદા કરી

ઝાલોદ,
ઈસ્લામ ધર્મના મહાન પયગંબર હજરત ઈબ્રાહિમ અલેહી સલામ અને તેમના વ્હાલા પુત્ર હજરત ઈસ્માઈલ અલેહી સલામની યાદમાં આજે ઝાલોદના મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદુલ-અઝહાની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવીઈસ્લામ ધર્મના માહે ઝીલહજજ માસનો પ્રથમ ચાંદ દેખાયા બાદ ૧૦મા ચાંદે આજરોજ ઝાલોદમાં મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદુલ અઝહાની ઉજવણી કરવામાં આવી. ઈસ્લામ ધર્મના મહાન પયંગબર હજરત ઈબ્રાહિમ અલેહી સલામ અને હજરત ઈસ્માઈલ સલામની યાદમાં



ઈદુલ અઝહા (બકરી ઈદ)નો તહેવાર મનાવવામાં આવે છે.

ઈદુલ અઝહા અને કુરબાનીની ઈદ તરીકે પણ ઓળખાતા આ તહેવારના દિવસે મુસ્લિમ બિરાદરો દ્વારા વહેલી સવારે ઈદગાહ અને જુદી જુદી મસ્જિદોમાં ખાસ નમાજ અદા કરવામાં આવે છે. જે અંતર્ગત આજરોજ ઝાલોદ નગરમાં આવેલ મુસ્લિમ ઘાંચી સમાજ ઈદગાહ માં ઈદની નમાજ અદા કરવામાં આવી. ઈદુલ અઝહા અને કુરબાનીની ઈદ તરીકે પણ ઓળખાતા આ તહેવારના દિવસે મુસ્લિમ બિરાદરો દ્વારા વહેલી ઈદગાહ અને જુદી જુદી મસ્જિદોમાં ખાસ નમાજ અદા કરવામાં આવે છે.

આ તહેવારને અનુલક્ષીને ઝાલોદ નગર મુસ્લિમ વિસ્તારો તેમજ મસ્જિદો આસપાસ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો. ઈદુલ અઝહાના તહેવારને લઈ મુસ્લિમ સમાજમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નોંધનીય છે કે, ઝીલહજજ માસના પહેલા ચાંદથી નવ ચાંદ સુધીમાં ઘણાં મુસ્લિમ બિરાદરોએ નીફલ રોજા પણ રાખ્યા હતા. ઝીલહજજ માસમાં મક્કા મદીના શરીફમાં પવિત્ર હજયાત્રાએ પણ જવાનું મહત્વ રહેલું છે અને આ દિવસોમાં જ હજ કબૂલ થાય છે. તેની ખુશીમાં પણ ઈદનો તહેવાર મનાવવામાં આવે છે.

# દાહોદ શહેરમાં મુસ્લીમ બિરાદરોએ બકરા ઈદની ઉજવણી કરી



દાહોદ,
બકરા ઈદ નિમિત્તે દાહોદ શહેર સહિત જીલ્લાના મુસ્લિમ બિરાદરો દ્વારા બકરા ઈદની હર્ષોઉલ્લાસ સાથે ઉજવણી કરી હતી. મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદગાહ પર મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદની નમાઝ અદા કરી હતી. ત્યારે મુસ્લિમ સમાજના કાઝી દ્વારા ઈદ પર્વ નિમિત્તે દાહોદ જીલ્લા સહિત દેશમાં સૌએ ભાઈચારા સાથે રહેવા માટે અપીલ કરવામાં આવી હતી.

દાહોદ શહેરના ગોધરા રોડ ખાતે આવેલ મુસ્લિમ બિરાદરોની ઈદગાહ પર સવારે ઈદની નમાઝ અદા કરી હતી. નમાઝમાં મોટી સંખ્યામાં ભેગા થયાં હતાં. કાઝીની હાજરીમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરોએ નમાઝ અદા કરી હતી. નમાઝ અદા કરી સૌ કોઈએ એકબીજાને ઈદની શુભેચ્છાઓ પાઠવી હતી. ત્યારે મુસ્લિમ સમાજના કાઢી દ્વારા ઈદની સૌ કોઈને શુભેચ્છાઓ પાછવી જણાવ્યું હતું કે, દાહોદ જીલ્લામાં તેમજ દેશમાં સૌ કોઈ ભાઈચારા સાથે રહેવા માટે સૌ કોઈને અપીલ કરવામાં આવી હતી. મુસ્લિમ સમાજના લોકો દ્વારા બકરા ઈદની હર્ષોઉલ્લાસ સાથે ઉજવણી કરી હતી ત્યારે સાંજના સમયે દાહોદ શહેર સહિત જીલ્લાના બાગબગીચાઓમાં મુસ્લિમ સમાજના લોકોની ચહેર પહેલ જોવા મળી હતી. સાંજના સમયે લોકો હરવા ફરવા નીકળ્યાં હતાં.

# દાહોદ પોલીસે અલગ-અલગ ત્રણ સ્થળે રેઈડ કરી ૧.૭૮ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,
દાહોદ જીલ્લામાં વિતેલા ચોવીસ કલાકની અંદર પોલીસે જુદા જુદા ત્રણ સ્થળોએ પ્રોહી રેડ પાડી કુલ રૂા.૧,૭૮,૫૬૦ના પ્રોહી જથ્થા સાથે એક ફોર વ્હીલર ગાડી કબજે કર્યાનું જ્યારે ત્રણ બનાવોમાં ત્રણેય ઈસમો નાસી ગયાંનું જાણવા મળે છે.

પ્રોહીનો પ્રથમ બનાવ દાહોદ તાલુકાના મોટીખરજ ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૬મી જુનના રોજ મોટીખરજ ગામે ડામોર ફળિયામાં રહેતાં કાન્તાબેન હીમચંદભાઈ ડામોરના મકાનમાં પોલીસને મળેલ બાતમીના આધારે ઓચિંતી પ્રોહી રેડ પાડતાં પોલીસને જોઈ કાન્તાબેન નાસી જવામાં સફળ રહ્યાં હતાં. પોલીસે તેઓના રહેણાંક મકાનની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની કુલ બોટલો નંગ.૧૯૨ જેની કુલ કિંમત રૂા.૨૭,૮૪૦નો પ્રોહી જથ્થો પોલીસે કબજે કરી આ સંબંધે દાહોદ તાલુકા પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પ્રોહીનો બીજો બનાવ ધાનપુર તાલુકાના અંદરપુરા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૬મી જુનના રોજ અંદરપુરા ગામે કણજી ફળિયામાં રહેતાં મહેન્દ્રભાઈ લક્ષ્મણભાઈ બારીઆ તથા જીજ્ઞેશભાઈ કેશુભાઈ બારીઆનાઓ પોતાના રહેણાંક વિસ્તાર તેમજ પોતાના રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો ધંધો કરતાં હોવાની પોલીસને બાતમીમાં મળતાં પોલીસે તેઓના વિસ્તાર તેમજ તેઓના રહેણાંક મકાનમાં ઓચિંતી પ્રોહી રેડ પાડતાં પોલીસને જોઈ ઉપરોક્ત બંન્ને ઈસમો નાસી જવામાં સફળ રહ્યાં હતાં. પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂ તેમજ બીયરની કુલ બોટલો નંગ.૨૮૮ જેની કુલ કિંમત રૂા.૩૮,૪૦૦નો પ્રોહી જથ્થો કબજે કરી આ સંબંધે ધાનપુર પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પ્રોહીનો ત્રીજો બનાવ દેવગઢ બારીઆ તાલુકાના ઉધાવળા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૬મી જુનના રોજ ઉધાવળા ગામે મોટા ફળિયામાં રોડ પર પોલીસને મળેલ બાતમીના આધારે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતા. તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક ફોર વ્હીલર ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસ સાબદી બની હતી જ્યારે પોલીસને દુરથી જોઈ ગાડીનો ચાલક વિજયભાઈ શનાભાઈ પટેલ (રહે. અંતેલા, તા.દેવગઢ બારીઆ, જી.દાહોદ) પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી સ્થળ પર મુકી નાસી ગયો હતો. પોલીસે ગાડીમાં તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલો નંગ.૮૧૬ કિંમત રૂા.૧,૧૨,૩૨૦ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી પોલીસે કુલ રૂા.૪,૧૨,૩૨૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસ તપાસમાં પોલીસે વિદેશી દારૂ મંગાવનાર તેમજ વિદેશી દારૂ ભરી આપનાર સહિત ગાડીના ચાલક મળી ત્રણ ઈસમો વિરૂધ્ધ દેવગઢ બારીઆ પોલીસે પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લીમડીમાં ભગવાન શિવ મંદિરના પટાંગણમાં બકરીનું માથું નાખી જતાં હિન્દુ સમાજમા રોષ પોલીસ તપાસ શરૂ કરાઈ

દાહોદ,
દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં એક ભગવાન શિવજીના મંદિરના પટાંગણમાં બકરીનું વાઢેલું માથુ કોઈક અજાણ્યા ઈસમો દ્વારા ફેંકી નાસી જતાં લીમડી પંથકના હિન્દુ સમાજમાં ભારે રોષની લાગણી વ્યાપી જવા પામી છે. આ અંગે સ્થાનીક પોલીસને જાણ કરતાં પોલીસે આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસનો ધમધમાટ આરંભ કર્યાનું જાણવા મળે છે.ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં



ગોધરા રોડ ખાતે આવેલ એક ભગવાન શિવજીના મંદિરમાં વહેલી સવારે જ્યારે હિન્દુ સમાજના લોકો પુજા, અર્ચના કરવા આવ્યાં હતા. ત્યારે ત્યાં એક બકરીનું વાઢેલુ માથુ મંદિરના પટાંગણમાં પડેલુ જોઈ ભગવાન શિવજીના મંદિરમાં આવતાં દર્શાનર્થીઓમાં સ્તબ્ધતા વ્યાપી જવા પામી હતી. ઘટનાની જાણ વાયુવેગે લીમડી પંથકમાં ફેલાતા મંદિર તરફ હિન્દુ સમાજના લોકો દોડી ગયાં હતાં. જ્યાં બકરીનું વાઢેલુ માથુ જોઈ સૌ કોઈમાં આક્રોશ વ્યાપી જવા પામ્યો હતો. સ્થાનીક હિન્દુ સમાજના લોકો તેમજ હિન્દુ સંગઠનો દ્વારા આ મામલે સખ્ત વિરોધ કરી આ કૃત્યને સખ્ત શબ્દોમાં વખોડી કાઢ્યો હતો. લીમડી નગરમાં લોકો દ્વારા આ અંગે સ્થાનીક પોલીસને જાણ કરતાં પોલીસે મંદિરના આસપાસના સીસીટીવી ફુટેજોની તપાસ પણ હાથ ધરી છે અને આરોપીઓને પકડી પાડવા માટે ચક્રોગતિમાન કર્યા છે. ત્યારે સ્થાનીક હિન્દુ સમાજના લોકોના જણાવ્યાં અનુસાર, કોઈ અજાણ્યા ઈસમો દ્વારા હિન્દુ સમાજની લાગણી દુઃભાય તે માટે આ કૃત્ય કરવામાં આવ્યું છે. માટે પોલીસ દ્વારા આરોપીઓને તાત્કાલિક ધોરણે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી માંગણી પણ લીમડી નગરમાં હિન્દુ સમાજ દ્વારા કરવામાં આવી રહી છે.

# હોમગાર્ડઝ કલ્યાણ નિધિ અંતર્ગત સહાય ચૂકવાઈ

દાહોદ,
ફતેપુરા તાલુકાના સુખસરમાં હોમગર્ડ તરીકે ફરજ બજાવી રહેલા જવાનનું તેમનાં ઘરે આકસ્મીક મોત થયું હતું. જેમાં હોમગર્ડ્સ કલ્યાણ નિધિ અંતર્ગત ફરજ સિવાય સામાન્ય સંજોગમાં અવસાન સહાય અને મરણોત્તર સહાયમાં ૧.૫૫ લાખની સહાય મંજુર થઈ હતી અને ધારાસભ્ય રમેશભાઈ કટારાના હસ્તે જવાનના પરીવારને ચેક અર્પણ કરાયો હતો.ફતેપુરા તાલુકાના સાગડાપડા ગામના સ્વ. લક્ષ્મણભાઈ પારગી સુખસર પોલીસ સ્ટેશનમાં હોમગર્ડ્ઝ તરીકે ફરજ બજાવતા હતા. જેમાં પોતાના ઘરે હતા ત્યારે આકસ્મીક મોત થયું હતું. જેમાં સરકારની નવી યોજના



હોમ ગાર્ડ કલ્યાણ નિધિ સહાય મુજબ ફરજ સિવાય સામાન્ય સંજોગમાં અવસાન સહાય અને મરણોત્તર સહાય અંગેની દરખાસ્ત મંજુર થઈ હતી અને ૧.૫૫ લાખ ની સહાય મંજુર થઈ હતી.જે સોમવારના રોજ સુખસર ખાતે ધારાસભ્ય રમેશભાઈ કટારાના હસ્તે વારસદારને સહાયનો ચેક અર્પણ કરાયો હતો. જીલ્લા હોમગરડ કમાન્ડન્ટ સરદાર બારીયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

## આપની આજ.......

મેષ: આજે તમારે સ્વાસ્થ્ય પ્રત્યે વિશેષ કાળજી લેવાની જરૂર છે. બદલાતા હવામાનને કારણે આરોગ્ય બગડી શકે છે. ભોજનમાં જરા પણ બેદરકાર ના રહેશો. ધંધાની દ્રષ્ટિએ દિવસ સુખદ રહેશે.

વૃષભ:
આજે તમારી રાશિમાં શુભ યોગની રચના થઈ રહી છે. મોડી સાંજ સુધીમાં લાંબા સમયથી બાકી રહેલી ડીલને અંતિમ સ્વરૂપ આપી શકાય છે. કાર્યક્ષેત્રમાં તમને વિશેષ માન મળી શકે છે.

મિથુન: જે લોકો કોઈ પ્રકારનાં સર્જનાત્મક કાર્ય સાથે સંકળાયેલા છે તેમના માટે આજનો દિવસ ખૂબ જ શુભ છે. આવા લોકોના પ્રોજેક્ટ્સ આજે સફળ થશે અને આજનો દિવસ ખૂબ રચનાત્મક રહેશે.

કર્ક: આજનો દિવસ તમને લાભ આપવા જઈ રહ્યો છે અને આજે તમારું મન નવી યોજનાઓમાં વ્યસ્ત રહેશે. આજે પરિવાર સાથે ધાર્મિક યાત્રા પર જવા માટે કોઈ યોજના બનાવી શકાય છે.

સિંહ: તમારી રાશિના જાતકો માટે આજનો દિવસ વ્યસ્ત બની શકે છે. આજે ધાર્મિક કાર્યમાં તમારી રુચિ વધશે અને તમે દાન આપવાનું વિચારી શકો છો. કાર્યસ્થળમાં વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં અવરોધ લાવવાનો પ્રયાસ કરી શકે છે

કન્યા: આજનો દિવસ તમારા માટે શુભ દિવસ છે અને આજે તમને સફળતા મળશે. તમે સમર્પણ સાથે જે પણ કાર્ય કરો છો આજે તેનું ફળ તે જ સમયે પ્રાપ્ત થઈ શકે છે. આજે તમારું અધૂરું કામ પૂર્ણ થશે અને તમે આગળના કાર્યક્રમ કરી શકશો.

તુલા: આજનો દિવસ તમારી રાશિના જાતકો માટે થોડો સાવધાન રહેવાનો છે. એકબીજા સાથેની ક્રિયા-પ્રતિક્રિયામાં સાવચેત રહો. આજુબાજુના લોકો સાથેનો મુકાબલો ટાળો જે વધુ સારું રહેશે.

વૃશ્ચિક: આજે તમારી રાશિના જાતકો માટે સામાન્ય દિવસ છે. જો તમે તમારા જીવનસાથી સાથે કોઈ કામ કરી રહ્યા છો તો ફાયદાકારક રહેશે. રોજિંદા ઘરના કામકાજ પતાવવાની આજની સુવર્ણ તક છે.

ધન: આજનો દિવસ તમારી રાશિના જાતકો માટે વિશેષ દિવસ બની રહ્યો છે. જો તમે વ્યવસાયની બાબતમાં થોડું જોખમ લેશો તો મોટા નફાની અપેક્ષા છે. આજે તમારા પરિવારમાં સમૃદ્ધિ મળશે અને ભાગ્ય પણ તમને સાથ આપશે.

મકર: આજનો દિવસ તમારા માટે લાભકારક સાબિત થવાનો છે અને આજે તમારી બધી સમસ્યાઓ ઉકેલાશે. નવા પ્રોજેક્ટ પર કામ આજથી શરૂ થઈ શકે છે.

કુંભ: આજે તમને લાભ મળશે અને તમને દરેક કામમાં સફળતા મળશે. બિઝનેસમાં જોખમ લેવાનું પરિણામ આજે ફાયદાકારક રહેશે. ધૈર્ય અને સારા વર્તનથી તમે સમસ્યાઓનું નિવારણ લાવશો.

મીન: વ્યાવસાયિક લોકો માટે આજનો દિવસ ખૂબ જ ખાસ બની શકે છે. નોકરી-ધંધાના ક્ષેત્રમાં આજે તમને ખાસ સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો રહેશે.












# ભારતથી વિશ્વ સુધી

## દુનિયાના સૌથી સુંદર સંગ્રહાલય ૨૦૨૪ માં હવે સ્મૃતિવન ભૂકંપ સંગ્રહાલય, ભુજને મળ્યું સ્થાન!

સ્મૃતિવનની નવીન ડિઝાઇન અને સાંસ્કૃતિક વારસાની ઉજવણી કરતી અન્ય રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રસંશાઓ પર અહીં એક નજર કરીએ, જે ભારતને અપાર ગૌરવની લાગણી આપે છે.

**Prix Versailles Museums 2024** — World Selection for the Prix Versailles Museums 2024

**Red Dot Design Award** (reddot winner 2023) — Brands and Communication Design

**A' Design Award** — Best International Exhibition Design Project.

**Global Architeture Design Award** — Gold Award - Green Architecture

**Global Architeture Design Award** — Platinum Award - Cultural Architecture

**Architectural Digest Global WOW List Winner** — Featured in the top 13 list of the most impressive museums in the world

**London Design Award** (London Design Awards) — Platinum Award - Interior Design

**SBID International Design Award** (SBID International Design Awards 2023) — Public Spaces

**Inavate APAC Award** (Inavate APAC Awards 2023) — Visitor Attraction

ભુજ સ્થિત સ્મૃતિવન ભૂકંપ સંગ્રહાલયને યુનેસ્કોમાં વાર્ષિક ધોરણે રજૂ કરવામાં આવતા આર્કિટેક્ચર અને ડિઝાઇન માટેનાં પ્રખ્યાત પ્રિક્સ વર્સેલ્સ એવોર્ડ દ્વારા વિશ્વના સાત સૌથી સુંદર સંગ્રહાલયો પૈકી એકમાં સ્થાન આપવામાં આવ્યું છે.

ભારતના સંગ્રહાલયને પ્રથમ વખત આ ઐતિહાસિક નામાંકન પ્રતિષ્ઠિત પ્રિક્સ વર્સેલ્સ વર્લ્ડ સિલેક્શન ફોર મ્યુઝિયમ્સ ૨૦૨૪ દ્વારા પ્રાપ્ત થયું હોવાથી ગુજરાતને એક નવી વૈશ્વિક ઓળખ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ છે.

### સ્મૃતિવન ભૂકંપ સ્મારક અને સંગ્રહાલય

ભુજિયો ડુંગર, ભુજ, કચ્છ, ગુજરાત

- ભારતનું સૌથી મોટું સ્મારક સંગ્રહાલય
- દુનિયાનું સૌથી મોટું મિયાવાકી જંગલ
- સાત તદ્દન અલગ ગેલેરી
- સુંદર દ્રશ્યો સાથેનું સન પોઇન્ટ
- ૧૦૦ થી પણ વધુ અલગ પ્રદર્શનો

**સ્મારક સમય:**
સવારે ૫:૦૦ વાગ્યા થી
રાત્રે ૧૧:૦૦ વાગ્યા સુધી

**સંગ્રહાલય સમય:**
સવારે ૧૦:૦૦ વાગ્યા થી
સાંજે ૬:૦૦ વાગ્યા સુધી

વધુ માહિતી કે નિયમિત જાણકારી માટે QR કોડ સ્કેન કરો અને અમને ફોલો કરો

દર સોમવારે બંધ રહેશે

Smritivan Earthquake Museum | Smritivan | smritivanearthquakemuseum.com | smritivanearthquakemuseum | Smritivanearthquakemuseum

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## પાવાગઢ મહાકાળી મંદિરના જુના પગથિયા માંથી સ્થાપિત જૈનોના તીર્થંકરની પ્રતિમા હટાવાને લઈ

# જૈન સમાજમાં વિરોધને લઈ પ્રતિમાઓનું પૂનઃ સ્થાપિત કરવાની કામગીરી શરૂ થતાં જૈન સમાજનો રોષ સમ્યો





ગોધરા,

પાવાગઢ મહાકાળી મંદિરના જુના પગથિયાની બાજુમાં સ્થાપિત કરાયેલ ૫૦૦ વર્ષ જુની જૈનોના તિર્થકર નેમિનાથની પ્રતિમાઓને પાવાગઢ મહાકાળી મંદિર ટ્રસ્ટ દ્વારા કાઢી લેવામાં આવતાં સમગ્ર જૈન સમાજમાં તેના ઘેરા પ્રત્યાઘાતો પડયા છે. ૧૬ જુન બપોરમાં સમગ્ર ઘટનાની જાણ થતાં સુરતમાં મોટી સંખ્યામાં એકઠા થયેલા જૈન સમુદાયને સંબોધતા જૈનાચાર્યએ પાવાગઢ મંદિરના ટ્રસ્ટી અશોક પંડયા સામે નારાજગી વ્યકિત કરી હતી. રાજ્યભરમાં વિરોધ પ્રદર્શનો કર્યા હતા. સુરત કલેકટર કચેરીમાં દેખાવો કરી માંગણી પુરી ન થાય ત્યાં સુધી ઓફિસ માંથી પરત જવાની જૈન સમાજના લોકોએ ના પાડી હતી. આ મામલે ગૃહમંત્રીએ પોસ્ટ મુકીને પાવાગઢમાં હટાયેલ પ્રતિમાઓને પૂનઃ સ્થાપિત કરવાની કામગીરી શરૂ કરાઈ છે અને કેશની તપાસ સોંપવામાં આવી હોવાની જાણ થતાં જૈન સમાજમાં રોષ ઓછો થવા પામ્યો હતો.

પાવાગઢ મહાકાળી મંદિરના જુના પગથીયાની બાજુમાં ૫૦૦ વર્ષ જુની જૈનોના તિર્થકર નેમિનાથની પ્રતિમાઓ સ્થાપિત હતી. આ પ્રતિમાઓને પાવાગઢ મંદિર ટ્રસ્ટ દ્વારા કાઢી લેવામાં આવતાં ૧૬ જુનના રવિવારના રોજ સમગ્ર ગુજરાત રાજ્યના જૈન સમાજમાં ભારે રોષની લાગણી જોવા મળી હતી અને પાવાગઢ મંદિરના જુના પગથિયા માંથી જૈનોના તિર્થકર નેમીનાથની પ્રતિમાઓ કાઢી નાખવાના મંદિર ટ્રસ્ટના નિર્ણયને લઈ જૈન સમાજમાં નારાજગી જોવા મળી હતી અને પાવાગઢ મંદિર ટ્રસ્ટના નિર્ણયનો વિરોધ સુરતમાં મોટા પ્રમાણમાં જોવા મળ્યો હતો. સુરતમાં જૈન સમાજ દ્વારા કલેકટર કચેરીમાં પહોંચીને માંગણી કરી હતી કે, પાવાગઢમાં મૂર્તિ ખંડિત કરનારાઓની તાત્કાલીક ધરપકડ કરવામાં આવે, દેરીઓ માટે સરકાર તાત્કાલીક વૈકલ્પિક જગ્યાની વ્યવસ્થા ઉભી કરે અને આજથી જ જીર્ણોદ્ધારની પ્રક્રિયા શરૂ કરવામાં આવે તેવી માંગણીઓ સાથે સુરત કલેકટર કચેરીમાં જૈન સમાજ દ્વારા માંગણી કરાઈ હતી અને માંગણી પુરી થાય નહિ ત્યાં સુધી કલેકટર કચેરી માંથી જવાની ના પાડી હતી. ત્યારે રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી દ્વારા એકસ પર વિડીયો પોસ્ટ કરીને લખ્યું કે, પાવાગઢમાં હટાવેલ મૂતિઓનું પૂનઃ સ્થાપિત કરવાનું કામ શરૂ થઈ ગયું છે અને આ બાબતની તપાસ પંચમહાલ એસીબીને સોંપવામાં આવી છે. તેમ જણાવતા જૈન સમાજનો આક્રોશ શાંત થયો હતો.

પાવાગઢ મહાકાળી મંદિર ટ્રસ્ટ દ્વારા જૈનોના તિર્થકર નેમિનાથની પ્રતિમા હટાવવાના સંદર્ભમા જૈન મહારાજ પૂ.વિરાગચંદ્રસાગર ભગવંતે હાજર લોકોને જણાવ્યું કે, કયા સુધી નારાબાજી કરીશું ? કયાં સુધી આવી રીતે મળીશું ? અને કયાં સુધી મહાત્માઓ પરસેવા પાડશે ? આંદોલન મને અને તમને એક સહિયારો સવાલ પુછે છે કે આવતીકાલ માટે શું કરીશું કેટલીવાર આપણને કલેકટર કચેરીમાં એન્ટ્રી મળવાની આજે એન્ટ્રી મળી છે પણ એ લોકોની મજબુરી છે એટલે મળી છે બાકી આપણને કોઈ ઉભા રહેવા ન દે, આપણને ગેટ આઉટ પણ કહી છે, પણ એમને ખબર છે એમને ગેટ આઉટ ન થવું પડે એટલે આપણને ઈન આઉટ કરેલા છે. જિનપ્રેમ વિજયજી મહારાજ સાહેબે જણાવ્યું કે, ગૃહમંત્રીના પ્રવાસ સરાહીએ છીએ. જે ન્યાય આપવાના માર્ગે ચાલી રહ્યા છે. એનો અર્થ એ નથી કે બધું પતી ગયું છે. ગુનેગારોને સજા થવી જોઈએ, આશ્વાસનથી કામ નહિ ચાલે, પરિણામ જોઈએ તેવી માંગ કરી હતી.

## ગોધરાના લીલેસરા ગામે કત્તલના ઈરાદે ગોંધી રાખેલ બે ગૌવંશને પોલીસે બચાવ્યા

ગોધરા,

ગોધરા તાલુકાના લીલેસરા ગામે બામણીયા ફળીયામાં આરોપી ઈસમોએ મકાનની બાજુમાં ગેલેરી જવા ભાગમાં કત્તલના ઈરાદે બે ગૌવંશ બાંધી રાખેલ છે. તેવી બ ાતમીના આધારે પોલીસે રેઈડ કરી બે ગૌવંશને બચાવી લેવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના લીલેસરા ગામે બામણીયા ફળીયામાં ગોપાલભાઈ બારીયાના મકાનની બાજુમાં આરોપી ઈસમો મુસ્તાક મોહમંદ ઈસ્માઈલ હયાત, રમજાની મોહમંદ ઈસ્માઈલ હયાતને કત્તલના ઈરાદે બે ગૌવંશ ગેલેરી જવા ભાગમાં ગોંધી રાખેલ છે. તેવી બાતમીના આધારે ગોધરા બી ડીવીઝન પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન બે ગૌવંશ બળદ કિંમત ૪૦,૦૦૦/–રૂપીયાનો બચાવી લેવામાં આવ્યા હતા. આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલસી મથકે સ્થળ ઉપર મળી નહિ આવેલ આરોપી વિરૂદ્ધ પશુ સંરક્ષણ એકટ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## ઘોઘંબા રાજગઢ પોલીસે કુંભાર પાલ્લી ગામેથી ચોરીની બાઈક સાથે ત્રણ ઈસમોને ઝડપ્યા

ઘોઘંબા,

ઘોઘંબા રાજગઢ પોલીસ મથકના વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમિયાન બાતમી મળી હતી કે, ત્રણ ઈસમો કુંભાર પાલ્લી ગામે ઉભા છે. તેવી બાતમીના આધારે પોલીસે ત્રણ ઈસમોને ઝડપી પાડી રાજગઢ પોલીસ મથકની બાઈક ચોરીના ગુના ડીટેકટ કરી બાઈક રીકવર કરી.પ્રાપ્ત વિગતો મુજબ રાજગઢ પોલીસ તેમના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમિયાન બાતમી મળી હતી કે, કુંભાર પાલ્લી ગામે ત્રણ ઈસમો શંકાસ્પદ ઉભા છે. તેવી બાતમીના આધારે પોલીસે ત્રણ ઈસમો કિરણસિંહ દશરથસિંહ સોલંકી (રહે. સમા, તા.કાલોલ), વિનય અજીતસિંહ ચૌહાણ (રહે. ઘોઘંબા), વિશાલ મંગળસિંહ સોલંકી (રહે. કુંભાર પાલ્લી)ને ઝડપ્યા હતા અને બાઈક અંગે પુછપરછ કરતાં ગલ્લા તલ્લાં કરતા હોય ત્રણ આરોપીઓ પોલીસ મથકમાં લાવીને પુછપરછ કરતા ચોરીની બાઈક નં.જીજે.૧૭.સીએફ.૦૦૭૧ વાળી બાઈક ચોરીના રાજગઢ પોલીસ મથકે નોંધાયેલ ગુનાવાળી બાઈક રીકવર કરવામાં આવી. આરોપીઓ અન્ય ચોરીના ગુનામાં સંડોવાયેલ છે તે દિશામાં તપાસ હાથ ધરી છે.

## શહેરા ખાતે પારૂલ સેવાશ્રમ હોસ્પિટલના શુભારંભ ધારાસભ્યના હસ્તે કરાયો



શહેરા,

શહેરા ખાતે નવીન પારૂલ સેવાશ્રમ હોસ્પિટલનો શુભારંભ ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડના હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે તાલુકાના અગ્રણીઓ અને ડોક્ટર પરીવાર ઉપસ્થિત રહયો હતો.

શહેરામાં પારૂલ સેવાશ્રમ હોસ્પિટલના પેરિફેરિલ સેન્ટરનો શુભારંભ ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડના વરદ હસ્તે રીબીન કાપીને કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે પારૂલ સેવાશ્રમ હોસ્પિટલના એમ.ડી. ગીતિકા પટેલ, સીઓઓ એકતા મોદી, જનરલ મેનેજર નીતિન શર્મા અને સ્ટાફ તેમજ મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો, સરપંચ અને ડોકટરો ઉપસ્થિત રહ્યા હતા. પારૂલ સેવાશ્રમ હોસ્પિટલ શહેરા ખાતે બરોડાના નિષ્ણાત અને અનુભવી ડોક્ટરો દ્વારા નિદાન કરવામાં આવશે તેમજ દવાઓ, લેબ ટેસ્ટમાં પણ ત્રણ માસ સુધી રાહત આપવામાં આવનાર છે.પારૂલ સેવાશ્રમ હોસ્પિટલના એમડી ડો. ગીતિકા મદાન પટેલ એ વધુમાં જણાવ્યું હતું કે, અમારો ધ્યેય શહેરા અને આસપાસના વિસ્તારની જનતાને સારી મેડિકલ સુવિધા મળી રહે. આ પેરિફેરિલ સેન્ટરમાં તમામ રોગોનું નિદાન રાહત દરે કરવામાં આવશે અને અહીં આવનારા દિવસોમાં વધુ સુવિધા ઉભી કરવામાં આવશે. જેથી વડોદરા કે અમદાવાદ સુધી દર્દીને તાત્કાલિક જવું પડે નહી, જોકે તાલુકાના પ્રજાજનો માટે એક આરોગ્યલક્ષી સુવિધા ઉભી થતા દર્દીઓ માટે આશીર્વાદ સમાન બની રહશે તેમ છે.

## શહેરા તાલુકાના ધાયકા ગામે વીજ ધાંધીયાથી લોકો પરેશાન



શહેરા,

શહેરા તાલુકાના ધાયકા ગામ ખાતે વીજ સમસ્યાથી સ્થાનિક લોકો હેરાન પરેશાન થઈ રહ્યા હોવા સાથે વડ ફળિયા પાસે આવેલા ખેતરમાં એક વર્ષથી જીવંત વિજ વાયર વાળો વીજ થાંભલો નમી ગયેલ હોવાથી અકસ્માત થવાનો ડર ખેડૂતને સતાવી રહ્યો છે. જોકે, અનેક રજૂઆતો આ બાબતે ખેડુત દ્વારા તંત્રને કરાઈ હોવા સાથે અહીં વીજ ડીપી પણ ખુલ્લી જોવા મળી રહી હોય ત્યારે એમ.જી.વી.સી.એલ ની વીજ મેન્ટેનન્સ કામગીરી કેટલી સારી હશે અહીંની પરિસ્થિતિ પરથી જ ખબર પડી જાય છે.

શહેરા તાલુકાના ધાયકા ગામ ખાતે વીજ સમસ્યાથી ગ્રામજનો હેરાન પરેશાન થઈ રહ્યા છે. જ્યારે વડ ફળિયા પાસે આવેલ વીજ ડીપી ખુલ્લી જોવા મળવા સાથે તેમાં ફ્યુઝ પણ અદ્રશ્ય થયેલ જોવા મળી રહયો હતો. જયારે વિક્રમસિંહ સોલંકીના ખેતરમાં પાછલા એક વર્ષથી જીવંત વીજ વાયર વાળો વિજ થાંભલો નમી ગયેલ છે. ખેતરમાં નમી ગયેલ વીજ થાંભલો ગમે ત્યારે પડી શકે તેવી પરિસ્થિતિ હોય જેને લઈને ખેડૂત દ્વારા અનેક રજૂઆતો એમ.જી.વી.સી.એલ કચેરી ખાતે કરવામાં આવેલ હોવા છતાં આ બાબતને કોઈ ગંભીરતા લેવામાં આવી રહી નહી હોવાથી સ્થાનિક લોકોનો આક્રોશ આ સામે જોવા મળી રહ્યો હતો. ખેતરમાં પશુ ચરાવતા હોય કે પછી ખેડૂત પરિવાર ખેતી કામમાં જોતરાયા હોય ત્યારે અચાનક નમી ગયેલ વીજ થાંભલો પડી જાય તો કોઈ દુર્ઘટના બને તો જવાબદાર કોણ તેવા અનેક સવાલો સ્થાનિક ગ્રામજનો માંથી ઉઠી રહયા હતા. એમ.જી.વી.સી.એલ. દ્વારા પ્રી મોન્સુનની કામગીરી તાલુકામાં કરવામાં આવતી હોય અને વીજ મેન્ટેનન્સ ને લઈને વીજ પુરવઠો પણ બંધ કરવામાં આવ્યા બાદ પણ તાલુકાના અનેક ગામોમાં વીજ સમસ્યાની અનેક બૂમો ઊઠવા પામી રહી છે. આ વિસ્તારમાં વીજ થાંભલાની આજુબાજુમાં ઊગી નીકળેલા ઝાંડી ઝાંખરા ખુલ્લી વીજ ડીપી જોવા મળતી હોય ત્યારે સંબંધિત તંત્ર ઉપરોક્ત બાબતને લઈને પોતાની નૈતિક ફરજ ક્યારે બજાવશે એ તો જોવુંજ બની રહ્યું છે. જોકે, એમ.જી.વી.સી.એલ. તંત્ર દ્વારા અહીંના ગ્રામજનોની વીજ સમસ્યા માંથી છુટકારો અપાવે તેમજ નમી ગયેલ વીજ થાંભલો વહેલી તકે ઊભો કરવામાં આવે તેવી આશા સ્થાનિક ગ્રામજનો રાખી રહ્યા છે.

## હાલોલ નવજીવન હોટલ પાછળ આવેલ એગ્રો કંપનીમાં મહિલા કામદારને કેમીકલ યુકત દવાની અસર થતાં સારવાર દરમિયાન મોત

હાલોલ,

હાલોલ–ગોધરા રોડ ઉપર નવજીવન હોટલની પાછળ આવેલ એગ્રોની દવા બનાવતી ખાનગી કંપનીમાં રોજમદાર તરીકે કામ કરતી તરખંડા ગઢ મહુડાની મહિલાને કેમીકલ યુકત દવાની અસર થતાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. જયાં સારવાર દરમિયાન મોત નિપજાવતા મૃતદેહને પી.એમ.અર્થે હાલોલ રેફરલમાં ખસેડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ નવજીવન હોટલ પાછળ આવેલ એગ્રો કેમીકલ કંપનીમાં રોજમદાર તરીકે રોશન રોયલ સિકયુરીટી એજન્સીની કામદાર મહિલા શીતબેલન ગંભીરસિંહ જાદવ (રહે. ગઢ મહુડા, તરખંડા) શનિવારે કંપનીમાં કામે આવેલ હતી. જયાં સવારે ૧૧ વાગ્યાના સમયે કોઈ દવા શ્વાસમાં જતા અર્ધબેભાન અવસ્થામાં કપંની માંથી ખાનગી દવાખાનામાં સારવાર કરાવીને ઘરે મોકલી આપવામાં આવ્યા હતા. ઘરે ગયા બાદ શીતલબેનની તબીયત વધુ ખરાબ થતાં રીડી ચોકડી પાસે લઈ જવાતાં ડાંકટર દ્વારા અન્ય હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા. હાલોલના ખાનગી હોસ્પિટલમાં ૨૪ કલાક સુધી ચાલેલ સારવાર દરમિયાન શીતલબેનનું મોત નિપજાવા પામ્યું. મૃતક મહિલાના પરિવારજનો પોલીસને જાણ કરતાં પોલીસે મૃતદેહને પી.એમ.અર્થે હાલોલ રેફરલમાં ખસેડવામાં આવ્યો.

## શહેરાના નવા ગામે ઓટલા પુરણ માટે શેઢા ઉપર મારી લાવે તેમ કહી મારામારી કરી મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ

શહેરા,

શહેરા તાલુકાના નવા ગામે આરોપી ઈસમોને ફરિયાદીને મંદિરના ઓટલાનું પુરણ અમારા ખેતરના શેઢા ઉપર લાવીને કેમ કરે છે. તેમ કહી ધારીયું લઈ આવી ગાળો આપી ઘરે આવી ગયેલ અને આરોપીના હાથ માંથી ધારીયું લઈ જતાં ઝપાઝપી થતાં આરોપી પડી ગયેલ હોય ત્યારે અન્ય ઈસમો લાકડી લઈ દોડી આવી જાનથી મારી નાખવાની ધમકી આપતાં શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરા તાલુકાના નવાગામે રહેતા આરોપી શનાભાઈ મંગળભાઈ પટેલ એ જશવંતસિંહ વીરાભાઈ પટેલને કહેલ કે, મંદિરનું પુરણ કરવા માટે માટી અમારા ખેતરના શેઢા ઉપર કેમ લાવે છે. તેમ કહી હાથમાં ધારીયું લઈને ગાળો આપી ઘરે આવી ગયેલ હોય ત્યારે નવનીતભાઈ અને દિલીપભાઈ એ આરોપીના હાથમાં ધારીયું લઈ લેતાં ઝપાઝપી થઈ હતી. તેમાં શનાભાઈ પટેલ ભાગવા જતાં પડી ગયેલ હોય અન્ય આરોપીઓ આરતભાઈ પટેલ, કિરીટભાઈ પટેલ, શૈલેષભાઈ પટેલ લાકડી લઈ દોડી આવી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કર્યાની ફરિયાદ શહેરા પોલીસ મથકે નોંધાવા પામી છે.

## હાલોલના આનંદપુરા પાસે એકટીવા સ્લીપ ખાઈ જતાં ઈજાગ્રસ્ત ચાલકને ૧૦૮એ સારવાર માટે ખસેડયો

### ૧૦૮ના ચાલકે ઈજાગ્રસ્તનું લેપટોપ અને ૧.૦૪ લાખ રોકડા પિતાને સોંપ્યા



હાલોલ,

હાલોલ વડોદરા રોડ ઉપર આનંદપુરા ચેકપોસ્ટ પાસે આજે સવારે એક એકટીવા સ્લીપ ખાઈ જતા, ચાલકને સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સમાં હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યો હતો. એકટીવા ચાલક પાસે તેની બેગમાં રહેલું મોંઘુ લેપટોપ અને ૦૧ લાખ ૦૪ હજાર રૂપિયા રોકડા ૧૦૮ એમ્બ્યુલન્સના સ્ટાફે સાચવી રાખી ઈજાગ્રસ્ત યુવકના પિતાને સુપ્રત કરી કર્મયોગી કર્મચારીનું ઉદાહરણ પૂરૂં પાડયું હતું.

પ્રાપ્ત વિગત અનુસાર ગોધરાના બામરોલી રોડ ઉપર નંદનવન સોસાયટીમાં રહેતા તપન સોની કે જેઓ જરોદ પાસે આવેલી આઈટીએમ કોલેજમાં ઈન્ટિરિયર ડિઝાઈનરનો અભ્યાસ કરે છે. તેઓ આજે સવારે એકટીવા સ્કૂટર લઈ ગોધરા થી કોલેજ જઈ રહ્યા હતા અને ત્યાંથી નવું લેપટોપ લેવા માટે વડોદરા જવાનું હોય ઘરેથી તેમની લેપટોપ બેગમાં ૦૧ લાખ ૦૪ હજાર રોકડા લઈને નીકળ્યા હતા. ત્યારે તેઓની એકટીવા હાલોલ નજીક આનંદપુરા ચેકપોસ્ટ પાસે સ્લિપ ખાઈ જતા થયેલા અકસ્માતમાં તર્પન સોની ઈજાગ્રસ્ત થયો હતો. અકસ્માતની જાણ ૧૦૮ એમ્બ્યુલન્સને કરવામાં આવતા હાલોલની ૧૦૮ એમ્બ્યુલન્સ અકસ્માત સ્થળે પહોંચી હતી અને ઈજાગ્રસ્ત તપનને સારવાર માટે એમ્બ્યુલન્સમાં સુવડાવી ત્યાં રોડ ઉપર પડેલી તેની બેગ લઈ તેમાં જોતા લેપટોપ અને તેની સાથે રોકડા રૂપિયા જણાઈ આવતા હાલોલ ૧૦૮ એમ્બ્યુલન્સના ચાલક સંજયભાઈ સોલંકી અને ચંદ્રિકાબેન ઈએમટીએ ઈજાગ્રસ્ત તપનને સારવાર માટે હાલોલ રેફરલ હોસ્પિટલમાં લાવી તેના પિતા સાથે વાત કરી તેઓનું લેપટોપ અને રોકડા રૂપિયા તેમની પાસે સુરક્ષિત હોવાનું જણાવ્યું હતું. પુત્રના અકસ્માતની જાણ તેના પિતા નયનભાઈ સુરેશચંદ્ર સોનીને થતા હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. જયાં ૧૦૮ એમ્બ્યુલન્સના સ્ટાફે તેમને તેમના દીકરાનું લેપટોપ અને ૦૧ લાખ ૦૪ હજાર રૂપિયા રોકડા સોંપતા નયનભાઈ સોનીએ આ સાચા અર્થમાં કર્મયોગી કર્મચારીઓનો દિલથી આભાર માન્યો હતો.

## ગોધરા ભુરાવાવ થી બસ સ્ટેન્ડ વચ્ચે ઓવરબ્રીજ ઉપર ચાલતા કામમાં કોન્ટ્રાકટર દ્વારા મુકાયેલ પતરાની આડશ પડતાં એકટીવા ચાલકની આંખમાં ગંભીર ઈજાઓ

ગોધરા,

ગોધરાના ભુરાવાવ થી લાલબાગ બસ સ્ટેન્ડ વચ્ચે ઓવરબ્રીજ પાસે કોન્ટ્રાકટર દ્વારા રોડ ઉપર લોખંડની પ્લેટો આડાશ કોઈપણ પ્રકાર સપોર્ટ વગર બેદરકારી પૂર્વક ગોઠવી રાખેલ હતી. આજરોજ એકટીવા ચાલક પસાર થઈ રહ્યો હતો. ત્યારે પ્લેટનું પતરું ઉડીને ચાલકની આંખના ભાગે વાગતા આંખમાં કીકીના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. બેદરકારી બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા સાંપારોડ સતકૈવલ સોસાયટીમાં રહેતા કિરીટસિંહ સોલંકીના મોટાભાઈ ૧૦ જુનના રોજ હરીશચંદ્રસિંહ નટવરસિંહ સોલંકી પોતાનું એકટીવા લઈને બજારમાં નીકળેલ હતા. ત્યારે ભુરાવાવ થી બસ સ્ટેશન સુધી ઓવરબ્રીજનું કામ ચાલી રહ્યું છે. તેના કોન્ટ્રાકટર દ્વારા રોડ ઉપર લોખંડની પ્લેટોની આડાશ કોઈપણ પ્રકારના સપોર્ટ વગર જોખમી રીતે ગોઠવેલ હતી. રાત્રીના આઠેક વાગ્યે પસાર થતા ત્યારે લોખંડની ઉભી પ્લેટ હરીશચંદ્રસિંહ ઉપર પડતા તેમને ડાબી આંખના ભાગે ગંભીર પ્રકારે ઈજાઓ થવા પામી હતી. આંખના ભાગે ઈજાઓ ગંભીર હોવાથી અમદાવાદ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આંખની કીકીનો ભાગ ચરાઈ જતાં ઓપરેશન કરવા જતા ફેર પડેલ નથી. ત્યાર આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે રેલ્વે ઓવરબ્રીજ રોડ કામ કરાવતા કોન્ટ્રાકટરે એસ.ઓ.પી. મુજબ નિયમોનું પાલન નહિ કરી આડશો બેદરકારીથી મુકી રાહદારીને નુકશાન થાય તેવું કૃત્ય કર્યાની ફરિયાદ આપી કાર્યવાહીની માંગ કરાઈ.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.252